આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ મિથુન

આજના ગ્રહોની કુંડળી



ચંદ્ર સવારે સાડા આઠે મિથુન રાશિમાં પ્રવેશ કરે છે.

મેષ ભાગ્ય યોગ અતિ પ્રબળ થાય છે - શુભકાર્યો માટે પ્રવાસનું આયોજન થાય - આયોજન કરીને તમારાં કામો કરવાં.

વૃષભ અતિ સર્વત્ર વર્જયતે. વ્યસનોથી દૂર રહી શ્રદ્ધાપૂર્વક ધીરજ રાખી જે કાર્યો હાથમાં લેશો તે પાર પાડશો - ખૂબ જ વિચારીને આગળ વધશો.

મિથુન આજે આપને માટે સુવર્ણ દિવસ છે - ગોલ્ડન ટાઈમ છે. જે કામ હાથ પર લેશો તે પાર પડશે - વડીલોનો સાથ સહકાર મળશે. કુટુંબમાં સહકાર પ્રેમ મળશે.

કર્ક સંતાનોના પ્રશ્ન પર તમારું ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે. પ્રશ્નોનો ઉકેલ હાથવેંતમાં છે ફક્ત ધ્યાન કેન્દ્રીત કરી મહેનત કરવાથી લાંબા સમયના પ્રશ્નો ઉકલશે.

સિંહ સંતાનોને લગતા શુભ પ્રશ્નોનો ઉકેલ હાથવેંતમાં છે. ફક્ત થોડો બુદ્ધિનો ઉપયોગ જરૂરી છે - લાગણીઓથી તમાઈ જવાની જરૂર નથી - ધાર્મિકતા વધે.

કન્યા આજે આપના વ્યવસાય - નોકરીમાં આપને લાભ થવા સંભવ છે. દસમે ચંદ્ર તમોને કીર્તિ અને પ્રસિદ્ધિ અપાવે.

તુલા રાશિમાં ચંદ્ર ઉપર મંગળનું ભ્રમણ ચંદ્ર - માંગલ્ય યોગ કરતાં ગોચરના સિદ્ધાંતો મુજબ થોડાવત્તા અંશે લાભદાયક નીવડે.

વૃશ્ચિક આઠમે ચંદ્ર વિચારવાયુથી ઘેરાયેલા રહો તેવું સૂચવે છે - બીજા શુક્રની પ્રતિ-યુતિથી આકસ્મિક ધનલાભ થવાના યોગ ઉત્પન્ન કરે છે - ભક્તિ કરવી.

ધન રાશિમાં શુક્ર - વક્રીબુધ રાશિપતિ વક્રી ગુરુથી દ્રષ્ટ છે. અસંમજતા રહે. શું કરવું - ન કરવું - તે નક્કી ન કરી શકો. ધ્યાન રાખીને દિવસ પસાર કરવો.

મકર રાશિમાં સૂર્ય - રાશિપતિ શનિથી દ્રષ્ટ, મંગળથી દ્રષ્ટ છે. બધા જ પાપગ્રહોથી ઘેરાયેલા તમે આવેશ અને ક્રોધને કાબૂમાં રાખશો - ઝઘડાથી દૂર રહેશો.

કુંભ સાતમે વક્રી ગુરુ - આઠમે રાહુ - બારમે સૂર્ય - અણધાર્યા ખર્ચ કરાવે તેવું બતાવે છે - ધ્યાન રાખીને સમય પસાર કરવો - બને તો વાહનનો ઉપયોગ ટાળવો.

મીન સાતમે રાહુ - આઠમે મંગળ નવમે શનિ - ત્રણ પાપગ્રહોની અસરોથી બચવા માટે ભક્તિ કરવી જરૂરી છે - શક્ય હોય તેટલી શાંતિ જાળવી દિવસ પસાર કરવો.

ચિલોડાના યુવાનોએ બિન ઉપયોગી સ્મશાનગૃહની કાયાપલટ કરવાનું બિડું ઝડપ્યું

હાલ ગાંધીનગરના મુકિતધામમાં અગ્નિસંસ્કાર કરવા પડે છે, ગામની ધરતી પર જ અગ્નિસંસ્કાર થાય તેવા શુભ હેતુની ભાવના

ગાંધીનગર, તા.૨૦

જન્મભૂમિ, કર્મભૂમિ અને અંતિમ સંસ્કારની ભૂમિ માનવદેહ મળેથી જ નક્કી થઈ જતી હોય છે. જેમાં જન્મભૂમિ અને કર્મભૂમિના સ્થળો બનાવવાના હોતા નથી જયારે અંતિમ સંસ્કાર માટે સ્થળનું નિર્માણ કરવું પડે છે. ચિલોડામાં બનાવાયેલું સ્મશાન ગૃહ છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત હાલતમાં બિન ઉપયોગી પડી રહ્યું છે. જેને ગામના જ નવ યુવાનોએ ગ્રામ પંચાયતના સહયોગથી કાયાપલટ કરી ઉપયોગી બને તેવો રચનાત્મક પરિશ્રમ આરંભ્યો છે. જેને ગ્રામજનોનો સહકાર મળી રહેતા સ્મશાન ગૃહ સુંદર અને રમણીય બની જવાના સંજોગો ઉજળા બન્યા છે.

ચિલોડામાં અંતિમ સંસ્કાર માટે ગ્રામજનો ભારે તકલીફ વેઠી રહ્યા હતા. વર્ષો પહેલા બનેલું સ્મશાનગૃહ કોઈ કારણસર ઉપયોગમાં ન લેવાતાં જર્જરીત બની ખંડેર થઈ ગયું હતું. દસ વર્ષ અગાઉ સતીમાતાના મંદિર પાછળ આવેલા સ્મશાનગૃહે અગ્નિ સંસ્કાર થતા હતા પરંતુ ચમત્કારીક સતી માતાના મંદિરનો જીર્ણોધ્ધાર થતા સ્મશાનની જગ્યાએ બગીચો બનાવી દેવાયો હતો. જેથી ગામના લોકોને અંતિમ સંસ્કાર માટે ગાંધીનગરના મુકિતધામ સુધી લંબાવું પડતું હતું. જેમાં મરણપ્રસંગે બહારથી આવેલા સગાસંબંધીને ખુબ જ પરેશાની રહેતી હતી જેની ચર્ચાઓ વારંવાર ગામમાં થતી હતી પરંતુ યોગ્ય ઉપાય જડતો નહોતો.

ત્યારે ગામના જ યુવાનોએ જુનું અને ખંડર થયેલ સ્મશાન ગૃહને ઉપયોગી બનાવવા કાયાપલટ કરવાનો નિર્ણય કરી ગ્રામ પંચાયતના સરપંચનો સહયોગ મેળવ્યો અને પંચાયતે સ્વભંડોળમાંથી ખર્ચો પાડી ભાડેથી જેસીબી મંગાવી કામકાજ શરૂ કર્યું. યુવાનોએ પોતાના ખર્ચે વીસથી પચ્ચીસ ટ્રેકટરો કામે લગાડી દઈ દિવસ-રાત એક કરી ૬૦૦ ટ્રેકટર માટી કામ ચારથી પાંચ દિવસમાં કરી નાંખ્યું છે. યુવાનોનો ગ્રામ પ્રત્યેનો જોમ અને જુસ્સો કોઈ સૌ કોઈ આ કાર્યમાં જોતરાઈ ગયું છે. સ્મશાન ફરતે દિવાલ, બાંકડા તથા બગીચાનું આયોજન કરવાનું છે સાથે સાથે આરસીસી રોડ અને પાણીની વ્યવસ્થા પણ ઉભી કરવાની તૈયારીઓ થઈ ગઈ છે. યુવાનોના આ સદકાર્યથી વયો વૃધ્ધોએ પોતાનું મોત સુધર્યું હોવાનો સંતોષ વ્યકત કર્યો છે તેમજ અંતિમધામ હંમેશા મનનો બોજ હળવું કરનારુ, સુંદર અને રમણીય હોય તેવી ઈચ્છા અને ભાવના યુવાનોએ આ કાર્યમાં પ્રગટ કરી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

શનિવારે ગાંધીનગરમાં રોકાણકાર માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગાંધીનગરના સે-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલમાં તા. ૨૩મી જાન્યુઆરીએ સવારે ૯.૪૫ કલાકે રોકાણકાર જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનાર એનએસડીએલ તથા એએસઈ કેપિટલ માર્કેટસ લિ.ના સંયુકત ઉપકમે યોજવામાં આવ્યો છે.

અત્યારે શેર માર્કેટમાં ભારે ઉથલ પાથલ ચાલી રહી છે. આ સંજોગોમાં રોકાણકારોએ શું કરવું તે અંગે માર્ગદર્શન માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. 'માર્કેટ ડાયનેમિકસ એન્ડ ટાઈમ ટુ ઈન્વેસ્ટ ઈન ઈકવીટી માર્કેટ' વિષયે યોજાનાર આ સેમિનારમાં એનએસડીએલના પરાગ જૈન, વિશાલ જોષી તથા ઉમેશ વેદ એન્ડ એસોસિએટસના પ્રોપ્રાયટર ઉમેશ વેદ તથા એસીએમએલના ભદ્રેન દરજી રોકાણકારોને માર્ગદર્શન આપશે. આ સેમિનારનો લાભ લેવા નગરના ઈકવીટી માર્કેટના રોકાણકારોને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

દલિત-આદિવાસી અને બક્ષીપંચ સમાજ હવે તેના હક્ક માટે જાગૃત બન્યો છે : ભરતસિંહ

સરકારે આ સમાજને અત્યાર સુધી પિડા જ આપી છે : કલ્યાણકારી યોજનાઓ પણ બંધ કરી છે અથવા ઓછી ગ્રાન્ટો ફાળવી લાભથી વંચિત રાખવાનું પાપ ભાજપ સરકારે કર્યુ છે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં હવે દલિત આદિવાસી અને બક્ષીપંચ સંપૂર્ણ જાગૃત થઈ ચુક્યો છે. પંચાયતોની ચૂંટણીમાં પરિવર્તન પછી વિધાનસભાની ચૂંટણીમાં પણ પરિવર્તન માટે કટિબદ્ધ બની ચુક્યો છે. વિધાનસભાની ચૂંટણીમાં પણ પરિવર્તન માટે કટિબદ્ધ બની ચુક્યો છે. આ સમાજની કલ્યાણકારી યોજનાઓ બંધ કરવાનું પાપ રાજ્ય સરકાર કરી રહી છે હવે તે સ્વાભિમાન માટે પણ કટિબદ્ધ બન્યો છે. તે વાત સરકાર જાણી લે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકીએ આજે સ્વાભિમાન ધરણામાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધન કરતાં ઉચ્ચાર્યા હતા.

શ્રી ભરતસિહં સોલંકીએ જણાવ્યું હતું કે વિકાસની ભ્રામક વાતોમાં હવે આ પીડીતો આવવાના નથી. તેમણે જણાવ્યું કે પંચાયોતની ચૂંટણીના પરિણામો પછી હવે આ સમાજ તેના હક્ક માટેની લડાઈ માટે સજ્જ બની ચુક્યો છે.

બક્ષીપંચના સમાજ માટેનો ફંડ ફાળવવુ જોઈએ તે આ સરકાર ફાળવતી નથી. તેમજ કલ્યાણકારી યોજનાઓનું સંપાદન કરતા બોર્ડ નિગમોમાં પણ ઓછુ ફંડ આપી અને યોજનાઓનું અમલીકરણ જે થવુ જોઈએ તે થતુ નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે વિકાસના નામે ગરીબોને કચડવાનો જ આ સરકારે પ્રયાસ કર્યો છે.

આ ધરણામાં પૂર્વપ્રદેશ પ્રમુખ મોઢવાડિયા, સિદ્ધાર્થ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા તેમણે સરકારના ગરીબ વિરોધી પગલાંઓની આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે બિન યોજનાકીય ખર્ચમાં થઈ રહેલા વધારા અંગે પણ ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી. ગુજરાતના પ્રધાનમંત્રી હોવા છતાં ગુજરાતને ન્યાય અપાવી શક્યા નથી એ પણ હકીકત છે.

આ ધરણાને કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, નૌષાદ સોલંકી, ડૉ. અનિલ જોશીયારા, નીશીત વ્યાસે પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા.

આ ધરણાના કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, શહેર પ્રમુખ કૌશિક શાહ, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, મહિલા કોંગ્રેસના ભાનુમતિબેન રોહિત, પ્રમબા હાડા, મનપા વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝુડા, શ્રીમતિ પીન્કીબેન પટેલ, મીનાબા વાઘેલા, અશોકભાઈ શ્રીમાળી, માનાજી મારવાડી, રાકેશ જાની, મુકેશભાઈ પટેલ, હરેશભાઈ પટેલ, રજનીભાઈ પટેલ, હર્ષજીત પંડ્યા, અંકિત બારોટ, અશ્વિનભાઈ બારોટ, કે.પી. સોલંકી, વરસાત, વિમળાબેન સોલંકી સહિતના આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

નિર્બળને સક્ષમતા પ્રદાન કરતુ ઉમદા સેવાકાર્ય

નિવૃત વન અધિકારી મહેન્દ્રભાઈ પટેલે વિકલાંગ બાળાને સિલાઈ મશીન અને શ્રમજીવી પરિવારને ટ્રાઈસિકલ દાનમાં આપી : બાળાને કડી કેમ્પસમાં સિવણના વર્ગોમાં નિઃશુલ્ક પ્રવેશ અપાયો

ગાંધીનગર, તા. ૨૦

જ્યારે ઈશ્વર એક દરવાજો બંધ કરે ત્યારે તેનો મતલબ એ નથી કે તમામ રસ્તા બંધ થઈ ગયા, પરંતુ જો તમે ધ્યાનથી નજર કરશો તો ખબર પડશે કે પ્રભુએ આપના માટે હજાર નવા દરવાજા ખોલી આપ્યા છે. આવો જ અનુભવ ગાંધીનગરના ઘ-૭ સર્કલ નજીકની ઝુંપડપટ્ટીમાં રહેતી એક વિકલાંગ બાળાને થવા પામ્યો છે. શારિરીક રીતે ઈશ્વરે તેને કેટલીક અક્ષમતા આપી પરંતુ આ દિકરીનો હાથ પકડી તેને વ્યવસાયિક રીતે પગભગ કરવા ખાસ સહાય પણ મોકલી આપી છે.

ગાંધીનગરના ઘ-૭ સર્કલ નજીકની ઝુંપડપટ્ટીમાં રહેતી વિકલાંગ બાળા સુનિતા દંતાણી તેની ક્ષમતા ઓળખી શહેરના સેવાભાવી દાતાઓએ મદદનો હાથ લંબાવ્યો છે.

મૂળ સરઢવ ગામના વતની અને ગાંધીનગરના નિવાસી એવા નિવૃત્ત વન અધિકારી મહેન્દ્રભાઈ પટેલે તેમની સેવા ભાવનાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડતા સુનિતાને તેની ક્ષમતા ઓળખી સિલાઈ મશીન ભેટ આપ્યુ છે. એક તો ગરીબ શ્રમજીવી પરિવારની દિકરી અને ઉપરથી વિકલાંગતાનો અભિશાપ. પરંતુ તેને લાચારીમાંથી ઉગારવા અને પગભર બનાવવા મહેન્દ્રભાઈ પટેલે આપેલ શિવણ મશીન ખૂબ જ ઉપયોગી નિવડી શકે છે. આટલુ જ નહી પરંતુ ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલે પણ આ બાળાની ક્ષમતા ઓળખી તેને કેમ્પસમાં ચાલી રહેલા શિવણ વર્ગોમાં નિઃશુલ્ક પ્રવેશ આપ્યો છે. જેથી તે શિવણકામ શીખી રોજગારી કમાઈ શકે. વલ્લભભાઈ પટેલે તેમની સંસ્થાના સિદ્ધાંત "કર ભલા, હોગા ભલા'.નું સુપેરે પાલન કરી બતાવ્યું છે.

નિવૃત્ત વન અધિકારી મહેન્દ્રભાઈ પટેલે વધુ એક સેવાકાર્ય હાથ ધરતા આ જ ઝુંપડપટ્ટીમાં રહેતા એક અત્યંત ગરીબી શ્રમજીવી પરિવારને ધંધા-રોજગાર માટે ટ્રાયસિકલ રીક્ષા દાનમાં આપી છે જેથી તેમાં માલ-સામાન ભરી ધંધો-રોજગાર કરી શકે. તેમના આ સેવાકાર્યથી અનેક માટે પ્રેરણારૂપ ઉદાહરણ પ્રસ્તુત થવા પામ્યુ છે. તેમાં પણ સૌથી વધુ નિર્બળ મહિલા તે પણ ગરીબ શ્રમજીવી પરિવારની અને ઉપરથી વિકલાંગ, જેને શક્તિપ્રદાન કરવાનું કાર્ય નાનુ સુનુ કાર્ય નથી પરંતુ એક સબળ જીવન તરફનું સૌથી સશક્ત પગલુ છે.

ગાંધીનગર શહેરના એસ.ટી.ડેપો અને પથિકાશ્રમ હોટલ વચ્ચે આવેલા માર્ગ પર મોડી સાંજે પેસેન્જર ભરેલી ઈકો ગાડીના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ અચાનક ગુમાવતા ત્યાં માર્ગ પર ઉભી રહેલી રીક્ષાને ટક્કર મારી ગુલાટી ખવડાવી દીધી હતી. ત્યારબાદ ઈકો ગાડી દાબેલી અને મોબાઈલ એસેસરીઝના ગલ્લાને નુકશાન પહોંચાડીને ઉભી રહી ગઈ હતી. આ અકસ્માતમાં સદ્ભાગ્યે કોઈ પણ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી નથી.

સ્થાનિકોમાં રોષ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવણી કરવામાં આવે છે. પરંતુ નવા રોપાઓના ઉછેર માટે યોગ્ય જાળવણી કરવામાં આવતી નથી. શહેરમાં મહાત્મા મંદીર સાથે જોડાયેલા ખ માર્ગ આસપાસના રોપાઓની પણ આવી જ હાલત થઈ છે. છેલ્લા એક વર્ષથી સ્થાનિક નાગરિકો દ્વારા ખ-૬ થી ખ-૭ વચ્ચેના માર્ગ આસપાસના રોપાઓને પુરતુ પાણી પુરુ પાડવા તેમજ તેની જાળવણી માટે યોગ્ય પગલા લેવા રજુઆત કરવામાં આવી રહી છે. આમછતા તંત્ર દ્વારા કોઈ પગલા લેવાતા નથી. આ મામલે સ્થાનિક સેકટરવાસીઓ દ્વારા ટુંકમાંજ વનતંત્ર સમક્ષ રજુઆત કરવાનો નિર્ણય લેવાયો છે.

33 ટકા સમય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિધાનસભા ગૃહમાં સૌથી વધુ સમય નાણાંકીય કામકાજ પાછળ વાપરવામાં આવ્યો છે. ગૃહમાં અંદાજપત્ર રજુ થાય છે તેમજ ગૃહને નાણાંકીય સત્તા હોવાથી તેની પાછળ સહુથી વધુ સમય ગયો છે.

ગુજરાતમાં ૧૯૬૦થી ૨૦૧૫ સુધી ૧૩ વિધાનસભાઓ રચાઈ છે જેમાં ગૃહે કરેલ કામકાજના કલાકોને આધારે આ સમયની ટકાવારી નિયત કરાઈ છે. વિધાનસભા ગૃહ સૌથી વધુ બીજી વિધાનસભા વખતે મળી હતી. વિધાનસભા ગૃહ એ રાજ્યનું સર્વોપરી ગૃહ કહેવાય છે.

પાર્કીંગ વ્યવસ્થા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધે આડેધડ વાહનો ગોઠવાઈ જાય છે. જેના લીધે મહીલાઓ તેમજ સિનિયર સિટિઝન્સે ડગલે ને પગલે હાલાકી ભોગવવાનો વારો આવે છે. પાર્કીંગની સમસ્યાને ધ્યાને લઈ તંત્ર દ્વારા અગાઉ વન વિભાગને જગ્યા ફાળવવા માટે રજુઆત પણ કરવામાં આવી હતી. પરતુ કોઈ પ્રતિસાદ ન મળતા લાંબા સમયના અંતે પણ વાહન પાર્કીંગનો પ્રશ્ન યથાવત છે. આર ટી ઓ કચેરીના સુત્રોના જણાંવ્યા મુજબ કચેરીને પાર્કીંગ માટે વધુ જગ્યા ફાળવામાં આવે તે માટે જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવશે. આ ઉપરાંત વન વિભાગને પણ પત્ર લખવામાં આવશે. આગામી દિવસોમાં અમદાવાદ આર ટી ઓ ના અરજદારોને પણ નગરની આર ટી ઓ કચેરીમાંથી લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવેતેવી વ્યવસ્થા ગોઠવવામાંઆવનાર છે. ત્યારે કચેરીની પાર્કીંગ વ્યવસ્થાને અપગ્રેડ કરવાનુ અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

આતંકી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવેલી છે. હુમલાને અંજામ આપનાર ચાર ત્રાસવાદીઓએ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. ગ્રેનેડ પણ ઝીંકયા હતા. ક્લાસરૂમમાં અને હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પેશાવરથી આશરે ૫૦ કિલોમીટરના અંતરે આ યુનિવર્સિટી આવેલી છે. હુમલો કરવામાં આવ્યો ત્યારે ૩૦૦૦થી વધારે લોકો અંદર હતા. જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ અને પ્રોફેસર તેમજ સ્ટાફના અન્ય સભ્યોનો સમાવેશ થાય છે. હુમલો કરવામાં આવ્યા બાદ સુરક્ષા દળોએ મોરચા સંભાળી લીધા હતા અને ઓપરેશન હાથ ધર્યુ હતુ. ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારીદેવા માટે કાર્યવાહી હાથ ધરાઈ હતી. કલાકો સુધી કાર્યવાહી ચાલ્યા બાદ ચારેય ત્રાવસાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. પાકિસ્તાની સેનાએ અહેવાલને સમર્થન આપતા કહ્યું છે કે, તમામ ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે.

તમામ વિદ્યાર્થીઓને પણ બચાવી લેવાયા છે. પાકિસ્તાની મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ત્રાસવાદીઓએ ઘણા વિદ્યાર્થીઓને માથામાં ગોળીઓ મારી હતી. ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ સઈદ વઝીરે કહ્યું હતું કે, સેના અને પોલીસે તરત જ યુનિવર્સિટીમાં મોરચા સંભાળ્યા હતા અને ઓપરેશન હાથ ધર્યું હતું જેમાં સામ સામે જંગ બાદ ચારેય ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. પાકિસ્તાન તહેરિકે ઈન્સાફના વડા ઈમરાન ખાને પણ મોડેથી ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. સૌથી પહેલા અંદરથી ગોળીબાર કરી રહેલા બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા ત્યારબાદ કમાન્ડો ઓપરેશનમાં બીજા બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ત્રાસવાદીઓની ઉંમર ૧૮થી ૨૫ વર્ષની હતી. મૃતકોમાં કેમેસ્ટ્રી વિભાગના પ્રોફેસર હમીદ હુસેનનો પણ સમાવેશ થાય છે. પેશાવરમાં વિતેલા વર્ષોમાં પણ આવા હુમલા કરવામાં આવ્યા છે. જેમાં ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાંજ આર્મી સ્કુલમાં તાલિબાને હુમલો કર્યો હતો. જે હુમલામાં ૧૫૦થી વધારે લોકોના મોત થયા હતા. માર્યા ગયેલાઓમાં મોટા ભાગના સેનાના જવાનોના બાળકો હતા. ક્લાસ રૂમમાં ફસાઈ ગયેલા વિદ્યાર્થીઓને બહાર કાઢવાના પ્રયાસો હવે હાથ ધરવામાં આવ્યા છે. પેશાવરમાં ભારે અંધાધુધી ફેલાઈ ગઈ હતી.

યોજના નિષ્ફળ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવાલ સ્થિતી પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ખતરનાક શખ્સો વીઓઆઈપી મારફતે સિરિયામાં કેટલાક લોકોના સંપર્કમાં હતા. તેમના લોકેશન ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશમાં ટ્રેસ થયા છે. રવિવાર બાદથી જ એજન્સીઓના અધિકારીઓ અને સ્પેશિયલ સેલ દ્વારા રોરકી અને હરિદ્વાર તેમજ અન્ય બે સ્થળો પર દરોડા પાડી રહ્યા છે. દિલ્હી અને નોઈડામાં શકમંદો ચારથી પાંચ રેકી પણ કરી ચુક્યા છે. દિલ્હી પોલીસના ટોચના અધિકારીઓ ઓપરેશન મામલે હાલમાં વાત કરવા તૈયાર નથી. જો કે ધરપકડના અહેવાલને સમર્થન મળી ચુક્યુ છે. ઈન્ટેલિજન્સ એજન્સીઓ અને યુપી પોલીસમાં રહેલા સુત્રોએ આને સમર્થન આપ્યુ છે. અખલાકની રોરકીના ભગવાનપુરમાંથી ધરપકડ કરવામાં આવી છે. વર્તમાન ઓપરેશનને છેલ્લા કેટલાક વર્ષોના સૌથી મોટા ઓપરેશન અને મોટી સફળતા તરીકે જોવામાં આવે છે. ઈન્ટેલિજન્સ સંસ્થાઓ અને દિલ્હી પોલીસે જોરદાર સફળતા મેળવી છે. પોલીસ કમીશનર બસ્સીએ આ ઘટનાકમને સમથર્ન આપ્યુ છે. જો કે વિગતો આપી નથી.ફ્રાન્સના પ્રમુખ આ વખતે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે પહોંચી રહ્યા છે. પેરિસમાં ગયા વર્ષે ભીષણ હુમલા કરવામાં આવ્યા હતા. આઈએસના ત્રાસવાદીઓ પણ હોલાન્ડેની ભારત યાત્રા દરમિયાનિ હુમલો કરીને તેમની હાજરી પુરવાર કરવાની યોજના ધરાવે છે.

સ્પીકર્સ કોન્ફરન્સ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભાના અધ્યક્ષપદે સ્વ. હિંમતલાલ મુલાણી હતા અને લોકસભાના અધ્યક્ષપદે શિવરાજ પાટીલ હતા.

આજે વિધાનસભા ખાતે ૨૧મીએ રાજ્યની તમામ વિધાનસભાના સચિવો આવી પહોંચશે. તેમની કોન્ફરન્સ સ્વર્ણીમ સંકુલ-૨ ખાતે શરૂ થશે.

જ્યારે સ્પીકર્સ કોન્ફરન્સ ૨૨મીએ સવારે વિધાનસભા ખાતે મળશે. આ કોન્ફરન્સ બે દિવસ ચાલશે.

સ્વર્ણીમ સંકુલ ખાતે મળનાર સચિવોની કોન્ફરન્સમાં લોકસભા અને રાજ્યપાલના જનરલ સેક્રેટરીઓ ખાસ ઉપસ્થિત રહેશે. વિધાનસભામાં આ કોન્ફરન્સને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

ડભોડા પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર નજીક ડભોડા ખાતેના વાસણ ગામે એક મકાનમાંથી પોલીસે બાતમીના આધારે રૂ. ૧૩,૫૦૦ની કિંમતનો કુલ ૩૮ નંગ વિદેશી દારૂનો જથ્થો દરોડો પાડી ઝડપી પાડ્યો હતો. જ્યારે બુટલેગર નાસી છુટ્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી ફરાર બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ડભોડા પોલીસની ટીમ ગત રોજ ડભોડા પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસ ટીમને બાસણ ગામે રોડવાળા વાસમાં દારૂ છુપાયો હોવાની બાતમીના આધારે બાસણ ગામે અશોકજી રણજીતજી ઠાકોરના ઘરે દરોડો પાડી જુદી જુદી બ્રાન્ડની કુલ દારૂની બોટલ નંગ ૩૮ કિં. રૂ. ૧૩,૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. અને આરોપી અશોકજી રણજીત ઠાકોર વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.